પત્રક-૧

"પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી લોક દરબાર - ૨૦૧૮"

વિભાગીય કચેરી : જસદણ, વર્તુળ કચેરી : રાજકોટ ગ્રામ્ય.

રજુ થયેલ પ્રશ્નોની સંખ્યા : 38, નીતિ વિષયક પ્રશ્નોની સંખ્યા : 0, નિકાલ પ્રશ્નોની સંખ્યા : 38, પ્રગતિ હેઠળ પ્રશ્નોની સંખ્યા : 0.

| ક્રમ | પ્રશ્ન નં. | પેટા વિભાગીય કચેરી | રજુઆતકર્તાનું નામ | પ્રશ્નની વિગત | લોક દરબારમાં આપેલ જવાબ | અદ્યતન જવાબ | નિકાલની સ્થિતિ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 | જસદણ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાનું ગોખાલાના તેમજ વડોદ ગામની સીમ પ્રાથમિક શાળા પરથી વિજ લાઈન પસાર થવા અંગેની રજૂઆત થયેલ તે તા.૦૨.૦૧.૨૦૧૮ થી આ ગામોની રજુઆતોને ધ્યાને લઇ ડી.આઈ.એસ.એસ. યોજના હેઠળ વિજ લાઈન શીફ્ટ કરવા રજૂઆત થયેલ, કામગીરી થયેલ નથી કારણ શું? | વડોદ ગામની સીમ પ્રાથમિક શાળા ના ગ્રાઉંડ પર થી પસાર થતી હળવા દબાણની વીજ લાઇન ફેબ્રુ-૨૦૧૮ માં દૂર કરી આપવા માં આવેલ છે |  | નિકાલ શીફ્ટીંગ ઓફ લાઇન |
| 2 | 2 | જસદણ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ ખાતેની પીજીવીસીએલની ડિવિજન કચેરી નીચે આવતાં સબ ડિવિજન જે મીટર બદલવા કે કન્ડક્ટર/કેબલ | આ રજુઆતના અનુસંધાને કોન્ટ્રાકટર ને વીજમીટર બદલવા કે સર્વિસ વાયર બદલવા કોઈ પણ પ્રકાર ના રુપિયા આપવાના હોતા નથી.ગ્રામ્ય વિસ્તારમાં વીજમીટર બદલવા કે સર્વિસ વાયર બદલવાની અરજી બાદ સ્થળ તપાસના ૧૫ દિવસ,અને સ્થળ તપાસ પછી ખામી ની ગ્રાહક ને ૧૫ દિવસ માં જાણ કરવી તેમજ ગ્રાહક દ્વારા જાણ થયા બાદ ૦૭ દિવસ માં મીટર બદલવું તેમજ ૦૨ દિવસ માં સર્વિસ વાયર બદલાવવામાં આવે છે. |  | નિકાલ મીટર સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | બદલવાના કોન્ટ્રકટર આવે છે તે મીટર બદલવા કે લગાવવાના પૈસા લે છે તો કેટલા લેવા તેના નિયમો શું છે? અરજદાર મીટર કે કેબલ બદલવાની અરજી કરે પછી કેટલા દિવસમાં બદલી આપવા તેવા નિયમો છે? | | | |
| 3 | 3 | જસદણ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | અગાઉ જીલ્લા કક્ષાની ફરિયાદ સંકલનની મીટીંગ માં પીજીવીસીએલ કંપનીની ટી.એલ.સી. ની મીટીંગ બોલાવવાનું નક્કી થયેલ હોવા છતાં જસદણ-વિંછીયા તાલુકા કક્ષાએ ટી.એલ.સી. ની મીટીંગ ટી.એલ.સી. ની મીટીંગ શામાટે બોલાવવમાં આવતી નથી. | આ રજુઆતના અનુસંધાને તા.૧૧.૦૩.૨૦૧૮ ના રોજ જે લોક દરબાર ૨૦૧૮ પી.જી.વી.સી.એલ. જસદણ ખાતે આયોજાયો હતો ત્યારે માન. ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ બાવળિયા સાહેબના પ્રતિનિધિઓ સાથે થયેલ ચર્ચા મુજબ તાલુકા કક્ષાની ટી.એલ.સી.ની મીટીંગ બોલાવવા માટે તેઓશ્રી દ્વારા સમય અને સ્થળ નક્કી કરી આપવામાં આવશે તે મુજબ આયોજન કરવામાં આવશે. | | નિકાલ જનરલ માહિતી |
| 4 | 4 | આટકોટ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના રાજા વડલા જસ ગામનાં ખાતેદાર ખેડૂત સોમાભાઈ કરશનભાઈ હાંડા એ ખેતીવાડી વિજ જોડાણ માટે | જસદણ તાલુકાના રાજાવડલા જસ. ગામ ના ખાતેદાર ખેડૂત સોમાભાઈ કરશનભાઈ હાંડા ને નોર્મલ કેટેગરી માં સર્વે નંબર:૯૨/પૈકી૧ માં વીજ જોડાણ મજુર થયેલ છે.સદર સર્વે નંબર ડૂબ માં આવે છે તે નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઇ પંચાયત પેટા વિભાગ જસદણ દ્વારા તા:૨૦/૦૧/૨૦૧૮ આપેલ હોવાથી ડૂબ ની જમીન માં વીજ કનેક્શન આપી શકાયેલ નથી. નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઇ પંચાયત પેટા વિભાગ જસદણ દ્વારા વીજ જોડાણ આપવાનીં એન ઓ સી આપવામાં આવશે તો વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૧૧ થી માંગણી કરેલ. તેમની માલિકીના સર્વે નં.૯૨ પૈકી ૧ માં વિજ જોડાણ મંજુર થયેલ છે દસ્તાવેજ સર્વે નં ૯૨ પૈકી ૧ પોતાની માલિકીની જમીન છે, જેમાં ખેતીવાડી વિજ જોડાણ નોર્મલ કેટેગરીમાં મંજુર થયેલ છે.દર્શાવેલ સર્વે નં. પર સ્થળ તપાસ્યા વિના જમીન ડૂબમાં આવે છે તેવું કહી ભાવપત્રક ભરેલ હોવા છતાં ખેતીવાડી વિજ જોડાણ આપવમાં આવતું નથી. | | | |
| 5 | 5 | આટકોટ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના બરવાળા ગામના ખાતેદાર ખેડૂત મગનભાઈ હરજીભાઈ નાગડકિયાને નોર્મલ કેટેગરીમાં સર્વે નં. ૩૨ પૈકી ૧ માં વિજ જોડાણ મંજુર થયેલ છે. ઉપરોક્ત સર્વે નં. ખેડૂત ખાતેદાર ની માલિકીની છે, જે આજે વાવેતર કરે છે, તેમની | જસદણ તાલુકાના બરવાળા ગામ ના ખાતેદાર ખેડૂત મગન હરજી નાગડકિયા ને નોર્મલ કેટેગરી માં સવે નંબર:૩૨/પૈકી૧ માં વીજ જોડાણ મજુર થયેલ છે.સદર સર્વે નંબર ડૂબ માં આવે છે તેવી એનઓસી નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઇ પંચાયત પેટા વિભાગ જસદણ દ્વારા તા:૨૦/૦૧/૨૦૧૮ આપેલ હોવાથી ડૂબ ની જમીન માં વીજ કનેક્શન આપી શકાયેલ નથી નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઇ પંચાયત પેટા વિભાગ જસદણ દ્વારા વીજ જોડાણ આપવાનીં એન ઓ સી આપવામાં આવશે તો વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | માલિકીની જમીનમાં નોર્મલ કેટેગરી વિજ જોડાણ મંજુર થતાં તેમને ૧૬.૧૧.૨૦૧૭ થી ભાવપત્રક ભરેલ છે પરંતુ આ જગ્યા ડૂબમાં ન આવતી હોવા છતાં, સિંચાઈનું એન.ઓ.સી. માંગી ખેડૂતોને વિજ જોડાણ અપાતું નથી. | | | |
| 6 | 6 | આટકોટ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | સવિનય જણાવવાનું કે મારા વિસ્તારના નાની લાખાવડ ગામે લીલાપુર ફીડર માં અવારનવાર ફોલ્ટમાં તેમજ લો વોલ્ટેજની ખુબ જ ફરીયાદ મળે છે તમોને મૌખિક આ અંગે ફરિયાદ કરેલ છે તેમ છતાં લો વોલ્ટેજનો પ્રશ્ન હલ થયેલ નથી તો આ અંગે યોગ્ય કાર્યવાહી કરશોજી. | લીલાપુર ફીડર વિભાજીત તા. ૧૦.૦૯.૨૦૧૭ના રોજ નવો ૧૧ કેવી અમન ખેતીવાડી ફીડર ચાલુ નવા બનેલા ૬૬ કેવી કોઠી સબ સ્ટેસન માંથી કાઢી ને લો વોલ્ટેજ ની ફરિયાદ નું નિવારણ કરેલ છે. | આ રજુઆતના અનુસંધાને તા.૨૧.૦૩.૨૦૧૮ના રોજ આટકોટ પેટા વિભાગીય કચેરીમાંથી ૧૧ કેવી લીલાપુર ખેતીવાડી ફીડરના છેવાડાના ગામે નાની લાખવડના ખેતીવાડી વિસ્તારમાં સ્થળ તપાસણી કરતા વીજગ્રાહક શ્રી ધીરુભાઈ મુળજીભાઈ રોજાસરા નું૮૯૫૨૪-૦૫૧૨૨-૨ ગ્રાહક નાબર વાળું ૦૫ હો.પા વીજ જોડાણ ધરાવે છે જેના મીટરમાં વીજ દબાણ જોતા આર ફીઇઝમાં ૨૨૦વોલ્ટ વાય ફેઇઝમાં ૨૨૮ વોલ્ટ તથા બી ફેઇઝમાં ૨૧૫ વોલ્ટ જોવા મળેલ છે.આમ | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | લીલાપુર ખેતીવાડી ફીડરમાં પૂરતા વીજ દબાણ થી જ પાવર સપ્લાય કરવામાં આવે છે. | |
| 7 | 7 | આટકોટ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના ખારચીયા જામ ગામના ખેડૂત ગોવિંદભાઈ રામજીભાઈ સોજીત્રાની તા.૨૮.૦૮.૨૦૧૭ રજૂઆત કરેલ છે, અરજદાર ગમન પાદરમાં પોતાની માલિકીની સર્વે નં.૧૬૩ માં તેમને નડતરરૂપ થાય તે રીતે જબરદસ્તીથી વિજ લાઈન ઉભી હતી, બીજી વિજ લાઈન ઉભી કરવાની કાર્યવાહી થતાની સાથે જ અરજદારે જસદણ નાયબ ઈજનેરશ્રી , પીજીવીસીએલ લેખિતમાં જાણ કરી વિનતી કરેલ. તેમ છતા કોન્ટ્રાકટરે જબરદસ્તી કરી વિજ લાઈન ઉભી કરેલ છે, પીજીવીસીએલ ને થતાં | જસદણ તાલુકાના ખારચીયા જામ ગામના ખેડૂત ગોવિંદભાઈ રામજીભાઈ સોજીત્રાની તા.૨૮.૦૮.૨૦૧૭ રજૂઆત કરેલ છે, તેના આધારે ગોવિંદભાઈએ સુચાવિયા પ્રમાણે ફેરફાર કરી આપેલ છે. | | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ફાયદા/લાભને ધ્યાને લીધેલ. અરજદારની વાત સાંભળ્યા વિના વિજ લાઈન ઉભી કરી નુકશાન કરેલ છે.સેઢેથી ઉભી કરવાની વિનંતી છતાં ધ્યાને લીધેલ નથી. તો વિજ લાઈન ફેરફાર કરી આપવા મારી ભલામણ છે. વિગતો સામેલ છે, થયેલ કાર્યવાહીની જાણ કરશો. | | | |
| ૪ | ૪ | આટકોટ | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના દહીંસરા ગામના કરશનભાઈ જાદવભાઈ એ પોતાના ઘરનો પાવર બંધ હોવાથી તેઓએ કેબલ ફોલ્ટ અંગે આટકોટ સબ ડિવીજનમાં તા.૨૯.૦૯.૨૦૧૫ થી કેબલ તેમજ ફોલ્ટ કેબલ રીપેર કરવા લેખિતમાં જાણ કરેલ. સમયસર ફોલ્ટી મીટર કે કેબલ ન બદલતાં. ૧૨.૧૨.૨૦૧૫ ના રોજ વિજ ચેકિંગ થતાં તેમને વિના કારણે | જસદણ તાલુકા ના દહીંસરા ગામમાં કરશનભાઈ જાદવભાઈ કોળી ગ્રાહક નંબર:૮૯૫૭૬૦૦૨૨૮૧ થી 0.૫ KW વીજકનેકશન ધરાવે છે.સદર ગ્રાહક ને ત્યાં તા:૧૧/૦૩/૨૦૧૬ ના રોજ જીયુવીએનએલ ચેકિંગ ડ્રાઈવ અંતર્ગત કે.એમ.સોની નાયબ ઈજનેર ઇન્સ્ટોલેશન ચેકિંગ દ્વારા વીજ ચેકિંગ કરતા સદર ગ્રાહક પોતાના ઘરના વપરાશ માટે પોતા ના મીટરની લોડ બાજુની મેઈન સ્વીચ બંધ કરી બીજો ૨૦ મીટર સર્વિસ વાયર પીજીવીસીએલ ની હળવા દબાણ ની લાઈન પર ડાયરેક હુકીંગ કરીને વીજચોરી કરતા ૧૩૫ થેફ્ટ ની કલમ માં પકડાયેલ છે. આમ સદર ગ્રાહકને જે વીજ બિલ આપવામાં આવેલ છે તે કંપનીના નીયમાનુંસારનું અને કાયદેસરનું જ આપવામાં આવેલ છે. | | નિકાલ વીજ ચેકીંગ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬૧,૫૩૯/- જેવું વિજ બીલ આપી ગ્રાહકને ખોટી રીતે દંડવામાં આવેલ ચે, અરજી કરેલ હોવા છતાં ચેકિંગ કરી વધારાનું બીલ આપવાનું કારણ શુ? | | | |
| 9 | 9 | સરધાર | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | સરધાર પેટા વિભાગીય કચેરી હેઠળ આવતાં ગામો બોઘરાવદર રણજીતગઢ, રાણીંગપર,વિરપર અને વેરાવળ આમ પાંચેય ગામોમાં એક જ્ ખેતીવાડી ફીડર માંથી પાવર આવે છે આથી આ ફીડરમાંથી પાવર પહોચાડવા ખુબ લાંબુ અંતર થાય છે વારંવાર ફોલ્ટ સર્જાય છે. લો વોલ્ટેજ ના પ્રશ્નો ઉભા થાય છે સમયસર પુરા વોલ્ટેજ થી પાવર મળતો નથી તો તત્કાલિક આ ખેતીવાડી ફીડરનું બાયફર્ગેન કરવું. | સદર રજૂઆત ના અનુસાંધાને જણાવવાનું કે સદર ગામોમાં ૧૧ કે.વી. વીરપર એ.જી. ફીડરમાંથી વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે જેમાં બોઘરાવદર રણજીતગઢ, રાણીંગપર,વિરપર અને વેરાવળ આમ પાંચેય ગામોનો સમાવેશ થાય છે. રજુઆતના અનુસંધાને આ ખેતીવાડી ફીડરનું જરૂરી તાંત્રિક સર્વેક્ષણ કરી ,તાંત્રિક મંજુરી ( પ્રોજેક્ટ ન. ૧૯૯૨૮૦ ) બાયફર્ગેન માટે વાડી કચેરી ને મોકલી આપેલ છે. તાંત્રિક મંજુરી મળ્યે કામ શરુ કરવામાં આવશે. | ૧૧ કે.વી. વીરપર એ.જી. ફીડરનું જરૂરી તાંત્રિક સર્વેક્ષણ કરી, વિભાજન માટે તાંત્રિક મંજુરી મેળવી એસ.આઈ. યોજના અંતર્ગત, ફીડર વિભાજન કરવા માટે કુલ ૫ કી.મી. એચ.ટી. લાઈન ઉભી કરી જે પૈકી ૨ કી.મી. એચ.ટી. લાઈન ડુંગરાળ વિસ્તારમાંથી પસાર કરી ફીડર વિભાજનની કામગીરી તા. ૩૦.૦૫.૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરી નવો ૧૧ કે.વી. વેરાવળ એ.જી. ફીડર ચાલુ કરવામાં આવેલ છે. આ ફીડર કાર્યવંત થતા આ વિસ્તારના લો-વોલ્ટેજ નાં પ્રશ્નનું સુખદ નિરાકરણ થયેલ છે. | નિકાલ ફીડર વિભાજન |
| 10 | 10 | સરધાર | માન. ધારાસભ્ય શ્રી | જસદણ તાલુકાના ભંડારીયા ખાતે ૬૬ કેવી સબ સ્ટેશન મંજુર | જસદણ તાલુકાના ભંડારીયા ગામ ખાતે ૬૬ કેવી સબ સ્ટેશન માટે પીજીવીસીએલ સરધાર પેટા વિભાગીય કચેરીમાંથી દરખાસ્ત બનાવવામાં આવેલ જેના અનુસંધાને GETCO દ્વારા જમીનની માગણી કરેલ જેના તમામ દસ્તાવેજો મેળવી કલેકટર કચેરી રાજકોટ ખાતે મંજૂરી અર્થે મોકલવામાં | જેટકો ઓફીસ દ્વારા ૬૬ કેવી સબ સ્ટેશન માટે જમીન સંપાદન માટેની | નિકાલ જેટકો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | કુવરજીભાઈ બાવળિયા | થયેલ છે ગામે તે કારણોસર લાંબો સમય થવા છતાં બાંધકામની કામગીરી શરૂ થયેલ નથી. ભંડારીયા અને તેની આજુબાજુના વિસ્તારમાં લો-વોલ્ટેજના ખુબ જ મોટા પ્રમાણમાં પ્રશ્નો છે અને કેટલાક ફીડરો ખુબ લાંબા છે જેના લીધે વારંવાર ફોલ્ટ સર્જાય છે. આથી ભંડારીયા ખાતે મંજુર થયેલ ૬૬ કેવી સબ સ્ટેશનની કામગીરી તાત્કાલિક શરૂ કરવી. | આવેલ છે. આ દરખાસ્ત કરેલા ૬૬ કેવી ભંડારીયા સબ સ્ટેશનમાંથી હયાત ૬૬ કેવી સરધાર સબ-સ્ટેશન માંથી નીકળતા ફીડરો ૧૧ કેવી રામલીયા જેજીવાય, ૧૧કેવી તથા ૧૧ ભંડારીયા કેવી ગઢડીયા ખેતીવાડી ફીડરોનું વિભાજન કરી જેજીવાય, જણાવવાનું કે આ નવા સબ સ્ટેશનમાંથી ૧૧ કેવી ખડવાવડી જેજીવાય, ૧૧ કેવી બોઘરાવદર,૧૧ કેવી બે-દેરી,૧૧ કેવી હીરાવંશી તથા ૧૧ કેવી આધીયા ખેતીવાડી ફીડરો કરવામાં આવશે. જેના લીધે ભંડારીયા ગામના તથા તેની આજુબાજુના વિસ્તારમાં સાતત્યપૂર્વક વીજ પુરવઠો આપી શકાશે. | દરખાસ્ત માન. કલેકટર શ્રી પાસે કરેલ છે અને ૬૬ કેવી સબ સ્ટેશન ભંડારિયા ને વર્ષ ૨૦૧૮-૧૯ ના પ્લાનીંગ મા લીધેલ છે. હાલમાં આજ રોજ તા. ૨૮.૦૩.૧૮ ની સ્થિતિ એ હયાત ૧૧ કેવી ફીડર ના પાવર ની સ્થિતી સમાન્ય છે. | |
| 11 | 11 | સરધાર | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના બોઘરાવદર ખાતે પીજીવીસીએલ ના સરધાર ખાતેના અધિકારીઓ તેમજ બહારની વિજ ચેકિંગ ટીમ આવી ઘર પરનાં મીટરો ચકાસ્યા વિના આડેધડ વિજ બીલ અપાય છે. નિયમિત વિજ બીલ ભરતાં વિજ ગ્રાહકોને સાંભળ્યા વિના પોલીસ કેસ પણ કરી દેવામાં આવેલ છે, | સદર રજૂઆત સત્ય નથી.પી.જી.વી.એલ દ્વારા ક્યારેય રાગદ્વેષથી ચેકિંગ કરવામાં આવતું નથી. માન. ધારાસભ્યશ્રીની રજૂઆત મુજબ જસદણ તાલુકાના બોઘરાવદર ખાતે પીજીવીસીએલ ના સરધાર ખાતેના અધિકારીઓ તેમજ બહારની વિજ-ચેકિંગ ટીમ આવી ઘર પરનાં મીટરો ચકાસ્યા વિના આડેધડ વિજ-બીલ અપાયા છે. નિયમિત વીજબીલ ભરતાં વિજ-ગ્રાહકોને સાંભળ્યા વિના પોલીસ કેસ પણ કરી દેવામાં આવેલ છે જે સત્ય નથી. સામાન્ય રીતે વધુ વીજલોસ ધરાવતા ફિડરોમાં વાડી કચેરી ની સુચના મુજબવીજચેકિંગ કરવામાં આવે છે.તા.૩૦.૧.૧૮ ના રોજ વડીકચેરીની સુચનાથી સરધાર સ.ડી.ના લાખાપર,લોધીડા,ભાયાસર,કાથરોટા,વીરપર,વેરાવળ,બોઘરાવદર,રણજીતગઢ,રાણીંગપરગામમાં કોર્પોરેટ ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં કુલ ૪૪૧ રહેણાંક મકાનોમાં વીજ ચક્સની કરવામાં આવેલ જેમાં ૫૪ વીજ કનેકશનોમાં ગેરરીતી માલુમ પડતા વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬/૧૩૫ હેઠળ પાવરચોરીના વીજ બીલો આપવામાં આવેલ હતા.આમ નિયમોનુસાર જ વીજ ચેકિંગ કરવામાં આવે છે. બોઘરવદર ગામમાં રન્જીત્ગઢ જે.જી.વાય ફીડરમાંથી પાવર આપવામાં આવે છે નેજો વીજ લોસ મહે ડીસેમ્બર ૧૭ ની સ્થિતિ એ ૬૮.૬૩ % છે. જે આપ સાહેબ ની નમ્ર જાણ સારું. | | નિકાલ વીજ ચેકીંગ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | આ ગામે રાગદ્વેષ થી આવા વપરાશ કરતાં વધારાનાં મોટા વિજ બીલો આપવાનું કારણ શું? | | | |
| 12 | 12 | સરધાર | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના ખડ વાવડી ગામનાં ભોળાભાઈ રૂપાભાઈ માલકીયા એ તા.૧૦.૦૫.૨૦૧૭ થી ખેતીવાડી વિજ જોડાણ માટે ભાવપત્રક રકમ રૂ.૬૫૦૦/- તેમજ સિક્યુરિટી ડીપોજીટ ની રકમ રૂ.૧૨૫૩/- ભરપાઈ કરેલ છે. વિજ લાઈન ઉભી કરવા જતા જંગલ ખાતા તરફથી કામ અટકાવવામાં આવેલ છે. અરજદારની વાડી પર જવાનો રસ્તો નકશામાં દર્શાવ્યા મુજબ કાયદેસર છે, આ રસ્તામાંથી જ વિજ લાઈન ઉભી કરવામાં આવતી હોવા છતાં અનામત વીડીના બહાને વન વિભાગવાળા વિજ | સદર રજૂઆત સાચી છે. જસદણ તાલુકાના ખડ-વાવડી ગામના ભોળાભાઈ રૂપાભાઈ માલકીયાએ તા.૧૦.૦૫.૨૦૧૭ થી ખેતીવાડી વિજ જોડાણ માટે ભાવપત્રકનમી રકમ રૂ.૬૫૦૦/- તેમજ સિક્યુરિટી ડીપોજીટની રકમ રૂ.૧૨૫૩/- ભરપાઈ કરેલ છે. જેના વીજ જોડાણ માટેવીજ લીન ઉભી કરવા જતા વન વિભાગ દ્વારા કામ અટકાવવામાં આવેલ છે તેમજ ચાલું કામ દરમિયાન અમારા કોન્ટ્રાકટર ના લેબર ,રીક્ષા અને માલસામાન પણ તેમના દ્વરા કબજે લેવામાં આવેલ હતો. અરજદારની રજૂઆત મુજબ જમીન સર્વે નં.૧૯૬ પૈ૩ /પૈક૧ માં જવાના ગાળ માર્ગેથી પસાર થાય છે જે તેમના આ સર્વે નં. નો બાપ-દાદા વખતનો જુનો માર્ગ છે.જે અત્રેની કચેરી દ્વારા પત્ર.નં. ૯૩૪૬ /૨૪.૧૧.૧૭ ના રોજ નાયબ વનરક્ષક રાજકોટ ને મંજુરી માટે મોકલી આપેલ છે.જેમાં હજુ સુધી કોઈ પણ પ્રકારની મંજુરી આવેલ નથી કે અરજદાર દ્વારા પણ કોઈ મંજુરી બાબતનો આધાર રજુ કરવામાં આવેલ નથી. આથી અત્રેની કચેરી દ્વારા પત્ર.નં ૩૧૦/૪.૧.૧૮ દ્વારા અરજદારને વીજજોડાણ માટે ભરેલ નાણા રીફંડ લેવા માટે નોટીશ આપવામાં આવેલ છે.જે આપ સાહેબ ની નમ્ર જાણ સારું | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લાઈન ઉભી કરવા દેતાં નથી કારણ શું? | | | |
| 13 | 13 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જાદવ કમા દેરવાલીયા કેજેઓએ પૈસભારેલ હોવા છતાં ૩ માસ થયા બાદ પણ કનેક્શન આપવામાં આવતું નથી. | લોક દરબારમાં આવેલ રજુઆતમાં જણાવ્યા મુજબ જાદવ કમા દેરવાલીયા કે જેઓએ પૈસભારેલ હોવા છતાં ૩ માસ થયા બાદ પણ કનેક્શન આપવામાં આવેલ નથી. આ અંગે જણાવવાનું કે અરજદાર શ્રી દ્વારા જાદવ કમા દેરવાલીયા વિછીયા પેટા વિભાગીય કચેરીમાં ખેતીવાડી વીજ જોડાણનું સિફ્ટિંગ અંગે અરજી તા.૨૧.૦૧૧.૨૦૧૭ના રોજ કરવામાં આવેલ જે અંગેની મંજૂરી વિભાગીય કચેરી માંથી મળતા તા. ૦૪.૧૨.૨૦૧૮ ના રોજ નિયત ભાવપત્રક આપવામાં આવેલ હતો જેની રકમ ગ્રાહક શ્રી દ્વારા ૦૬.૧૨.૨૦૧૭ ના રોજ ભરપાઈ કરી આપવામાં આવેલ હતી જેથી વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા તા ૧૧.૦૩.૨૦૧૮ ના રોજ ભારે દબાણ ની ૮૦ મીટર લીજ લાઈન ઉભી કરી ૧૦ કેવીએનું વીજ ટ્રાન્સફોર્મર મૂકી કામ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | | નિકાલ નવા કનેકશન |
| 14 | 14 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા ના અજમેર ના મેઉભાઈ ટપુભાઈ ખાચરે કેબલ ફોલ્ટ અંગે વિંછીયા સબ ડિવિજન માં કેબલ તેમજ ફોલ્ટ રીપેર કરવા લેખિતમાં જાણ કરેલ. સમયસર ફોલ્ટી મીટર કે કેબલ ન બદલતા તેઓને પાવરચોરી નું બીલ આપવામાં આવેલ છે અને ગ્રાહકને ખોટી રીતે દંડવામાં આવેલ છે તે અને ગ્રાહકને ખોટી રીતે દંડવામાં આવેલ છે, અરજી કરેલ હોવા છતાં સમયસર ફોલ્ટી કેબલ, મીટર નહી બદલી કંપનીની જ ભૂલ હોવા છતાં | લોક દરબારમાં આવેલ રજુઆતમાં જણાવ્યા મુજબ વિંછીયા તાલુકાના અજમેર ગામના મેરૂભાઈ ટપુભાઈ ખાચરે કેબલ ફોલ્ટ અંગે વિંછીયા સબ ડિવિજન માં કેબલ તેમજ ફોલ્ટ રીપેર કરવા લેખિતમાં જાણ કરેલ. સમયસર ફોલ્ટી મીટર કે કેબલ ન બદલતા તેઓને પાવરચોરી નું બીલ આપવામાં આવેલ છે આ અંગે જણાવવાનું કે મેરુભાઈ ટપૂભાઈ ખાચર પી.જી.વી.સી.એલ. કંપની નું કોઈ જ હેતુનું વીજ જોડાણ ધરાવતા નથી. તથા તેઓ દ્વારા પી.જી.વી.સી.એલ. વિછીયા પેટા વિભાગીય કચેરીમાં લેખિતમાં અરજી કરેલ નથી પરંતુ તા ૨૧.૦૪.૨૦૧૬ ના રોજ તેવો બિન ગ્રાહક તરીકે વીજ ચોરી કરતા પકડાયેલ હતા વિજીલન્સ ટીમ ના નાયબ ઇજનેર માંડવી દ્વારા આ વ્યક્તિની ચેકિંગ શીટ નં:-૧૨૮૪ તા. ૨૧.૦૪.૨૦૧૬ થી વીજ ચોરી પકડેલ હતી જે સબબ તેઓ ને ૧૦૩૯૦+૧૦૦૦=૧૧૩૯૦ નો વીજ ચોરીનો દંડ આપવામાં આવેલ હતો જેની રકમ આજ દિન સુધી તેઓ દ્વારા ભરપાઈ કરી આપવામાં આવેલ નથી. | | નિકાલ વીજ ચેકીંગ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ચેકિંગ કરી વધારાનું બીલ આપવાનું કારણ શું? | | | |
| 15 | 15 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા તાલુકાના પીપરડી ગામે પ્લોટ વિસ્તાર, સનાળી રોડ પર ૧૧ કેવી લાઈન ના પાંચ પોલના તાર ૧૦ મકાનો પરથી પસાર થાય છે, અગાઉ પણ તાર તૂટવાના બનાવો બનેલ છે જેથી ભયનું વાતાવરણ ઉભું થાય છે, અને જાનહાની થવાનો ભય છે. પપરડી ગામના ગ્રામજનો ની રજૂઆત કરેલ છે. તો તાત્કાલિક આ ગામમાં જાનહાની ટાળવા ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત ૧૧ કેવી લાઈનનું શીફ્ટીંગ કરવું. | વિંછીયા તાલુકાના પીપરડી ગામે પ્લોટ વિસ્તાર, સનાળી રોડ પર ૧૧ કેવી લાઈન ના પાંચ પોલના તાર ૧૦ મકાનો પરથી પસાર થાય છે. આ લાઇન ને DISS યોજના હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. જેમાં આ લાઈન સિફ્ટિંગ માટે ૬૭૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જે તા. ૩૧.૦૩.૨૦૧૮ન રોજ સુધીમાં કરી કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | વિંછીયા તાલુકાના પીપરડી ગામે પ્લોટ વિસ્તાર, સનાળી રોડ પર ૧૧ રૂપાવટી જેજીવાય ફીડરની ૧૧કેવી લાઈન ના પાંચ પોલના તાર ૧૦ મકાનો પરથી પસાર થાય છે. આ લાઇન ને સરકારશ્રીની DISS યોજના હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. આ લાઈન સિફ્ટિંગ માટે ખર્ચ રૂ ૬૦૫૯૭ /-નો પ્રોજેક્ટન ૨૦૪૨૧૩ છે. જેમાં ૬૭૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જેની કામગીરી આજરોજ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |
| 16 | 16 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા તાલુકાના ભડલી ગામે ૧૧ કેવીની લાઈન મંદિર પરથી પસાર થાય છે, હાલ મંદિરનું બાંધકામ | વિંછીયા તાલુકાના ભડલી ગામે ૧૧કેવી આંબરડી ખેતીવાડીની વીજ લાઈન મંદિર પરથી પસાર થાય છે લાઇન ને DISS યોજના હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. જેમાં આ લાઈન સિફ્ટિંગ માટે ૨૨૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જે તા. ૩૧.૦૩.૨૦૧૮ન રોજ સુધીમાં કરી કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | વિંછીયા તાલુકાના ભડલી ગામે ૧૧કેવી આંબરડી ખેતીવાડીની વીજ લાઈન મંદિર પરથી પસાર થાય છે લાઇન ને DISS યોજના | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ચાલુ છે, મંદિરે ગ્રામજનોની મોટી સંખ્યામાં અવરજવર ચાલુ હોય છે, કોઈ અકસ્માત થાય,જાનહાની થવાનો ભય છે. એ લાઈન ફેરવવા આપને રજૂઆત થયેલ છે. તો તાત્કાલિક આ ગામમાં જાનહાની ટાળવા ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત ૧૧ કેવી લાઈનનું શીફ્ટીંગ કરવું. | | હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. આ લાઈન સિફ્ટિંગ માટે ખર્ચ રૂ ૩૩૬૨૭ /-નો પ્રોજેક્ટન ૨૦૪૨૮૬ છે જેમાં આ લાઈન સિફ્ટિંગ માટે ૨૨૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જેની કામગીરી આજરોજ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | |
| 17 | 17 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | ઓરી ગામે પ્રાથમિક શાળાના મેદાનમાંથી વિજ લાઈન પસાર થાય છે તે મેદાનમાંથી શીફ્ટ કરવા દરખાસ્ત કરવી. | ઓરી ગામે પ્રાથમિક શાળાના મેદાનમાંથી વિજ લાઈન પસાર થાય છે તે મેદાનમાંથી શીફ્ટ કરવા DISS યોજના હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. જેમાં આ લાઈન સિફ્ટિંગ માટે ૪૬૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જે તા. ૩૧.૦૩.૨૦૧૮ન રોજ સુધીમાં કરી કામ પૂર્ણ કરી આપવામાં આવશે. | ઓરી ગામે પ્રાથમિક શાળાના મેદાનમાંથી વિજ લાઈન પસાર થાય છે તે મેદાનમાંથી શીફ્ટ કરવા DISS યોજના હેઠળ સિફ્ટિંગ ની મંજૂરી માટે ઉપલી કચેરી માં મોકલાવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ વિછીયા પેટા વિભાગીય કચેરી ને મળેલ છે. જેમાં આ લાઈન સિફ્ટિંગ માટે રૂ ૬૯૨૦૪ રકમનો ખર્ચનો પ્રોજેક્ટ ન ૨૧૦૦૫૩ છે.આ કામ | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | માટે ૪૬૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાય છે જેની કામગીરી આજરોજ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે | |
| 18 | 18 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના આંબરડી ગામે ગામથી દક્ષિણે કાસકોલીયા ના માર્ગે કેટલાક ઘર ઉપરથી વિજ લાઈન પસાર થાય છે અને સાવ રોડ ઉપર ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવે છે જે અકસ્માત સર્જે તેવી સ્થિતિમાં છે. આથી. ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત વિજ લાઈન ટ્રાન્સફોર્મર સહીત શીફ્ટ કરવા પીજીવીસીએલમાં દરખાસ્ત કરવા મારી ભલામણ છે. | જસદણ તાલુકાના આંબરડી ગામે ગામથી દક્ષિણે કાસકોલીયા ના માર્ગે કેટલાક ઘર ઉપરથી વિજ લાઈન પસાર થાય છે અને રોડ નજીક ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવે છે તેને હટાવવા માટે વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા DISS યોજના હેઠળ દરખાસ્ત મોકલવામાં આવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ રોજ વિછીયા પેટા વિભાગીય કચેરીને મળેલ છે આ દરખાસ્તમાં આંબરડી ગામ ખાતે વડોદ જ્યોતિગ્રામ ની વીજ લાઈન હતાવાવની પણ મંજુરી માંગવામાં આવેલ હતી જેમાં ૧૬૫૦ મીટર HT લાઇન ઊભી કરવા ની અને એક ટ્રાન્સફોર્મર હટાવાવનું થાઈ છે. તે ૧૫.૦૪.૨૦૧૮ સુધીમાં ઉભી કરી કામ પૂર્ણ કરવામ આવશે. | જસદણ તાલુકાના આંબરડી ગામે ગામથી દક્ષિણે કાસકોલીયા ના માર્ગે કેટલાક ઘર ઉપરથી વિજ લાઈન પસાર થાય છે અને રોડ નજીક ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવે છે તેને હટાવવા માટે વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા DISS યોજના હેઠળ દરખાસ્ત મોકલવામાં આવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ રોજ વિછીયા પેટા વિભાગીય કચેરીને મળેલ છે આ દરખાસ્તમાં આંબરડી ગામ ખાતે વડોદ જ્યોતિગ્રામ ની વીજ લાઈન હતાવાવની પણ મંજુરી માંગવામાં આવેલ હતી જેમાં ૧૬૫૦ મીટર HT લાઇન ઊભી કરવા ની અને એક ટ્રાન્સફોર્મર હટાવાવનું સામેલ છે તેનો | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ખર્ચ રૂ ૧૪૧૫૫૬/- નો પ્રોજેકટ ન ૨૦૪૨૯૧ છે. જેની કામગીરી આજરોજ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | |
| 19 | 19 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | આંબરડી (જામ) ખાતે વડોદ જ્યોતિગ્રામ ના પોલ પ્લોટ વિસ્તારમાં આવેલ છે, જ્યાં હાલ પ્લોટ વિસ્તારોમાં મકાનોનું બાંધકામ થાય તો આ વિજ લાઈન અડચણરૂપ બને તેમ છે , આ લાઈન ૧૧ કેવીની લાઈન હોય, અકસ્માતનો ભય રહે છે તો આ વિજ લાઈન ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત ફેરવવા પીજીવીસીએલ કંપનીમાં ભલામણ થવા યોગ્ય કાર્યવાહી કરવા મારી ભલામણ છે. | આંબરડી (જામ) ખાતે વડોદ જ્યોતિગ્રામ ના પોલ પ્લોટ વિસ્તારમાં આવેલ છે, જ્યાં હાલ પ્લોટ વિસ્તારોમાં મકાનોનું બાંધકામ થાય તો આ વિજ લાઈન અડચણરૂપ લાઈન સિફ્ટિંગ કરવા માટે વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા DISS યોજના હેઠળ દરખાસ્ત મોકલવામાં આવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ રોજ વિછીયા પેટા વિભાગીય કચેરીને મળેલ છે જેમાં ૧૬૫૦ મીટર HT લાઇન ઊભી કરવા ની થાઈ છે. તે ૧૫.૦૪.૨૦૧૮ સુધીમાં ઉભી કરી કામ પૂર્ણ કરવામ આવશે. | જસદણ તાલુકાના આંબરડી ગામે ગામથી દક્ષિણે કાસકોલીયા ના માર્ગે કેટલાક ઘર ઉપરથી વિજ લાઈન પસાર થાય છે અને રોડ નજીક ટ્રાન્સફોર્મર ઉભું કરવામાં આવે છે તેને હટાવવા માટે વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા DISS યોજના હેઠળ દરખાસ્ત મોકલવામાં આવેલ હતી જેની મંજૂરી તા:-૧૩.૦૩.૨૦૧૮ રોજ વિછીયા પેટા વિભાગીય કચેરીને મળેલ છે આ દરખાસ્તમાં આંબરડી ગામ ખાતે વડોદ જ્યોતિગ્રામ ની વીજ લાઈન હતાવાવની પણ મંજુરી માંગવામાં આવેલ હતી જેમાં ૧૬૫૦ મીટર HT લાઇન ઊભી કરવા ની અને એક ટ્રાન્સફોર્મર હટાવવાનું સામેલ છે તેનો | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ખર્ચ રૂ ૧૪૧૫૫૬/- નો પ્રોજેક્ટ ન ૨૦૪૨૯૧ છે. જેની કામગીરી આજરોજ તા. ૨૮.૦૩.૨૦૧૮ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે. | |
| 20 | 20 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | લાલાવદર ખાતે કડુકાના રસ્તા ઉપર પાણીના ટાંકા પાસે રાણાભાઇ કરમશીભાઈ અને વલ્લભભાઈ લખમણભાઈના ઘર પરથી પસાર થતી વિજ લાઈન ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત ફેરવવા રજૂઆત થયેલ છે તે ફેરવવા કાર્યવાહી કરવી. | લાલાવદર ખાતે કડુકાના રસ્તા ઉપર પાણીના ટાંકા પાસે રાણાભાઇ કરમશીભાઈ અને વલ્લભભાઈ લખમણભાઈના ઘર પરથી પસાર થતી વિજ લાઈન ફેરવવાની લોક દરબારમાં રજૂઆત આવતા નાયબ ઈજનેર વિછીયા દ્વારા સ્થળ તપાસણી કરતા ૫૦ મીટરની એચ.ટી. લાઈન નડતર રૂપ છે જે અંગે વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા ડી.આઈ.એસ.એસ. યોજના અંતર્ગત દરખાસ્ત મુકવાનું જણાવેલ છે જેની મંજૂરી આવ્યે લાઈન હટવવાની કાર્યવાહી કરવામ આવશે. | અરજદારશ્રી ઓ દ્વારા રહેણાક હેતુ માટેના વિજ જોડાણની માંગણી કરવામાં આવેલ નથી. | નિકાલ શીફટીંગ ઓફ લાઇન |
| 21 | 21 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | આંબરડી ગામના રહીશ ભરતભાઈ ધોહાભાઈ કલાપરા (૨) પાંચાભાઈ મેરામભાઇ કલાપરા (૩) વાલાભાઈ ગીધાભાઈ કલાપરા જેઓએ લાઈટીંગ પવારની માંગણી કરેલ છે. પોલ ઉભા થયેલ છે પરંતુ કનેકશનો આપવામાં આવતા નથી. | લોક દરબાર પ્રશ્નમાં જણાવ્યા અનુસાર આંબરડી ગામના રહીશ (૧) ભરતભાઈ ધોહાભાઈ કલાપરા (૨) પાંચાભાઈ મેરામભાઇ કલાપરા (૩) વાલાભાઈ ગીધાભાઈ કલાપરાના ઘરે નાયબ ઈજનેર વીંછિયા દ્વારા સ્થળ તપાસ કરતાં જણાવેલ કે તેઓના દ્વારા વીજ જોડાણ માટે અરજી જ કરાયેલ નથી. પરંતુ હાલમાં ચાલી રહેલ સરકાર શ્રીની શોય્ભાગ્ય યોજના અંતર્ગત ભરતભાઈ ધોહાભાઈ કલાપરા (૨) પાંચાભાઈ મેરામભાઇ કલાપરા નું નામ વીજ જોડાણ આપવામાં નામ સામેલ છે જેઓને આ યોજના અંતર્ગત વીજ જોડાણ આપવામાં આવશે અને શ્રી (૩) વાલાભાઈ ગીધાભાઈ કલાપરાને વીજ જોડાણ લેવા માટેની અરજી કરવા જણાવેલ છે. | તા. ૧૨.૦૩.૨૦૧૮ ના રોજ નાયબ ઈજનેર વીછિયા દ્વારા રજુઆતમાં આવેલ નામોના વ્યક્તિઓના ઘરે સ્થળ તપાસ કરતાં જણાવેલ કે તેઓના દ્વારા વીજ જોડાણ માટે અરજી જ કરાયેલ નથી. પરંતુ હાલમાં ચાલી રહેલ સરકાર શ્રીની શોભાગ્ય યોજના અંતર્ગત ભરતભાઈ ધોહાભાઈ | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કલાપરા (૨) પાંચાભાઈ મેરામભાઇ કલાપરા નું નામ વીજ જોડાણ આપવામાં નામ સામેલ છે જેઓને આ યોજના અંતર્ગત વીજ જોડાણ આપવામાં આવશે અને શ્રી (૩) વાલાભાઈ ગીધાભાઈ કલાપરાને વીજ જોડાણ લેવા માટેની અરજી કરવા જણાવેલ છે. | |
| 22 | 22 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | આંબરડી ગમે ગામથી પૂર્વ ભાગે રામજી મંદિરની આગળ ઘર વીજ જોડાણમાં લો-વોલ્ટેજ મળેછે, અનેક વખત રજુઅતો કરવા છતાં લો-વોલ્ટેજ અંગે કોઈ સુધારો કરવામાં આવતો નથી. આ બધા નિયમિત વીજ ગ્રાહકો છે. નિયમિત વીજ બીલ અપાય છે પરંતુ પાવર પુરતો મળતો નથી. | પ્રશ્નાના રજુઆત અનુસંધાને નાયબ ઈજનેર વિછીયા દ્વારા સ્થળ તપાસ કરતાં ગ્રાહક શ્રી હારીલાલ તળશી (૮૧૮૬૦/૦૦૦૫૬/૮) ના રહેણાક હેતુના વીજ જોડાણ જે છેલ્લા વીજ પોલ પરથી આપવામાં આવેલ છે જેની સ્થળ તપાસણી કરતા વીજ મીટર માં વૉલ્ટેજ ૨૪૮ V આવતા હોવાનું માલુમ પડેલ છે. આંબરડી ગામે ગામથી પૂર્વ ભાગે મંદિરના આગળના ઘરોમાં લો વૉલ્ટેજ આવવનું જણાયેલ નથી. | પ્રશ્નના રજુઆત અનુસંધાને તા. ૧૨.૦૩.૨૦૧૮ના રોજ નાયબ ઈજનેર વિછીયા દ્વારા સ્થળ તપાસ કરતાં ગ્રાહક શ્રી હારીલાલ તળશી (૮૧૮૬૦/૦૦૦૫૬/૮) ના રહેણાક હેતુના વીજ જોડાણ જે છેલ્લા વીજ પોલ પરથી આપવામાં આવેલ છે. જેની સ્થળ તપાસણી કરતા વીજ મીટર માં વૉલ્ટેજ ૨૪૮ V આવતા હોવાનું માલુમ પડેલ છે. આંબરડી ગામે ગામથી પૂર્વ ભાગે મંદિરના આગળના ઘરોમાં લો વૉલ્ટેજ આવવાનું જણાયેલ નથી. | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 23 | 23 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | ઓરી ગામે ગામથી પશ્ચિમ પરા વિસ્તારમાં લો-વોલ્ટેજ મળે છે, ટી.સી. વારંવાર બળી જાય છે અનેક વખત રજુઆતો કરવા છતાં તેનો કાયમી ઉકેલ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવતી કરવામાં આવતી નથી. | પ્રશ્નના રજુઆત અનુસંધાને નાયબ ઈજનેર વિછીયા દ્વારા સ્થળ તપાસ કરતાં ઓરી ગામે ગામથી પશ્ચિમ પરા વિસ્તારમાં ગામમાં ૧૦૦ કેવીએ નું વીજ ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે તેમાંથી હળવા દબાણની વીજ લાઈન મારફતે વીજ પુરવઠો આપવામાં આવેલ છે. ગામથી પશ્ચિમ પરા વિસ્તારમાં વીજ ગ્રાહક શ્રી સવા બચુ રાઘવાણી (૮૧૮૫૦/૦૦૨૨૮/૨) ના રહેણાક હેતુના વીજ જોડાણ છેલ્લા વીજ પોલ પરથી આપવામાં આવેલ છે જેની સ્થળ તપાસતા વીજ મીટર માં વૉલ્ટેજ ૨૪૫V આવે છે. આમ આ વિસ્તારમાં લો વૉલ્ટેજ અવાવનું જણાવેલ નથી. અને આ ટી.સી ફક્ત ચોમાસાની ઋતુ દરમ્યાન એક જ વાર બળેલ હતું. | પ્રશ્નના રજુઆત અનુસંધાને તા. ૧૨.૦૩.૨૦૧૮ન રોજ નાયબ ઈજનેર વિછીયા દ્વારા સ્થળ તપાસ ઓરી ગામે ગામથી પશ્ચિમ પરા વિસ્તારમાં ગામમાં ૧૦૦ કેવીએ નું વીજ ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે તેમાંથી હળવા દબાણની વીજ લાઈન મારફતે વીજ પુરવઠો આપવામાં આવેલ છે. ગામથી પશ્ચિમ પરા વિસ્તારમાં વીજ ગ્રાહક શ્રી સવા બચુ રાઘવાણી (૮૧૮૫૦/૦૦૨૨૮/૨) ના રહેણાક હેતુના વીજ જોડાણ છેલ્લા વીજ પોલ પરથી આપવામાં આવેલ છે જેની સ્થળ તપાસતા વીજ મીટર માં વૉલ્ટેજ ૨૪૫V આવે છે. આમ આ વિસ્તારમાં લો વૉલ્ટેજ અવવાનું જણાવેલ નથી. અને આ ટી.સી ફક્ત ચોમાસાની ઋતુ દરમ્યાન એક જ વાર બળેલ હતું. | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |
| 24 | 24 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી | જસદણ ડીવીઝન નીચે કાર્યરત્ સબ ડીવીઝનોમાં હાલ | (૧) માન ધારાસભ્ય શ્રી કુંવરજીભાઈ બાવળીયા સાહેબ દ્વારા રજૂઆત મળેલ છે કે જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ લાઈન ઉભી કરવા માટે કોન્ટ્રાક્ટરો પોલનું કાર્ટીંગ ખેડૂતો પાસે કરાવે છે કે કેટલાક ખેડૂતો પાસે ખાડા ખોદી પોલ ઉભા | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | કુવરજીભાઈ બાવળિયા | ખેતીવાડી તેમજ વીજળીકરણ અંગેના કામ ચાલે છે. તે પૈકીના જે મારી સમક્ષ ગ્રામ્ય કક્ષાએથી રજુઆતો મળી છે તેની વ્યવસ્થા કરવામાં આવતી નથી. (૧) વીજ લાઈન ઉભી કરવા માટેના કોન્ટ્રાક્ટરો પોલ નું કાર્ટિંગ ખેડૂતો પાસે કરાવે છે, તેમજ કેટલાક ખેડૂતો પાસે ખાડા ખોદી પોલ ઉભા કરાવવાનું ધ્યાને આવેલ છે. | કરવાયા અંગેની ફરિયાદ અત્રેની કચેરીએ કે પેટા વિભાગીય કચેરીમાં મળેલ નથી તેમ છતાં અત્રેની કચેરીએથી તમામ પેટા વિભાગીય કચેરીમાં તાકીદ પત્ર નં. જેડીઓ/ઇઇ/ટેક-૧/એમ.એલ.એ.-પ્રશ્ન/ તા.૧૫.૦૨.૨૦૧૮ થી કરવામાં આવેલ છે કે આ પ્રકારની જો ફરિયાદ કે રજૂઆત મળશે તો તેઓ ઉપર નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવશે | | |
| 25 | 25 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ ડીવીઝન નીચે કાર્યરત્ સબ ડીવીઝનોમાં હાલ ખેતીવાડી તેમજ વીજળીકરણ અંગેના કામ ચાલે છે. તે પૈકીના જે મારી સમક્ષ ગ્રામ્ય કક્ષાએથી રજુઆતો મળી છે તેની વ્યવસ્થા કરવામાં આવતી નથી. (૨) વીજ પોલ ઉભા કરતી વખતે પૂરી ઊંડાઈના ખાડા ખોદતા નાથી, પાયામાં સિમેન્ટ | જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ લાઈન માટેના પોલના ખાડા યોગ્ય ઉંડાઈના નિયમ મુજબના ખોદી, પથરાળ જમીનમાં પુરતો ખાડો ખોદી ના શકાય તેવી જગ્યાએ સિમેન્ટ કોન્ક્રીટનું ફાઉનડેસન ભરવાની મંજૂરી લઇ કામ કરવાની સુચના તમામ પેટા-વિભાગીય કચેરીને પત્ર ન જેડીઓ/ઇઇ/ટેક-૧/એમ.એલ.એ.-પ્રશ્ન/૨૦૯૦ તા.૧૫.૦૨.૨૦૧૮થી તાકીદ કરવામાં કરવામાં આવેલ છે. . | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કોન્ક્રીટ નું ફાઉન્ડેશન કરવામાં આવતું નથી. | | | |
| 26 | 26 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ ડીવીઝન નીચે કાર્યરત્ સબ ડીવીઝનોમાં હાલ ખેતીવાડી તેમજ વીજળીકરણ અંગેના કામ ચાલે છે. તે પૈકીના જે મારી સમક્ષ ગ્રામ્ય કક્ષાએથી રજુઆતો મળી છે તેની વ્યવસ્થા કરવામાં આવતી નથી. (૩) અર્થીંગ ઉતારવામાં આવતો નથી, જરૂર જણાય ત્યાં તાણીયા પણ નાખવામાં આવતા નથી. | જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ લાઈન માટે ઉભા કરવામાં આવેલ વીજપોલોમાં, વીજ ટ્રાન્સફોર્મર સેન્ટરમાં અર્થિંગ કરવામાં આવે જ છે. તથા જરૂર જણાય ત્યાં તાણીયા પણ નાખવામ આવે જ છે તેમ છતાં આ અંગે તમામ કોન્ટ્રાક્ટરો ને નિયમાનુસારનું કામ વ્યવસ્થિત કરવવા અત્રેની કચેરીએથી તમામ પેટા વિભાગીય કચેરીમાં પત્ર નં. જેડીઓ/ઇઇ/ટેક-૧/૨૦૯૦ તા.૧૫.૦૨.૨૦૧૯ થી તાકીદ કરવામાં આવેલ છે. | | નિકાલ નવા કનેકશન |
| 27 | 27 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ ડીવીઝન નીચે કાર્યરત્ સબ ડીવીઝનોમાં હાલ ખેતીવાડી તેમજ વીજળીકરણ અંગેના કામ ચાલે છે. તે પૈકીના જે મારી સમક્ષ ગ્રામ્ય કક્ષાએથી રજુઆતો મળી છે તેની વ્યવસ્થા કરવામાં આવતી નથી. (૪) પોલ ઉપર ફીટ કરવાના લોખંડના | ૪) જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ લાઈનના પોલ પર લગાડવામ આવતું લોખંડના માલ સમાનને અસ્તર/ કલર કરવામાં આવે જ છે. માલ સમાન પીજીવીસીએલ દ્વારા ખરીદી કરવામાં આવેલ હોય તે જ માલ-સામાન વાપરવામાં આવે છે. નવી વીજ લાઈન ઉભી કરવાની થતી હોઈ તેના ટેન્ડરો કરવાની પ્રક્રિયા માટે પ્રથમ પેટા વિભાગીય કચેરી ના કામના લક્ષ્યાંક મુજબની ટેન્ડર માટેની જરૂરિયાત તૈયાર કરી વિભાગીય કચેરીમાંથી આ જરૂરિયાત મુજબ ના કામની મંજૂરી વર્તુળ કચેરીમાંથી લેવામાં આવે છે. આ મંજૂરી મળ્યાબાદ વિભાગીય કચેરી દ્વારા ટેન્ડર બનાવી વિભાગીય કચેરીના ખર્ચ વિભાગમાંથી ઓડીટ કરી ઓન લાઈન n-procurement વેબ-સાઈટ પર મુકવામાં આવે છે. જેની જાહેરાત પીજીવીસીએલ ની વેબ-સાઈટ PGVCL.com કરવામાં આવે છે. n- procurement વેબ-સાઈટમાં ટેન્ડર માટે પીજીવીસીએલના કામના લેબર ચાર્જ ના SOR તથા ટેન્ડરની ટેકનીકલ-બીડ મુકવામાં આવે છે. આ ઓન લાઈન n-procurement વેબ-સાઈટમાં ઓન-લાઈન ભાવ ભરવાના હોય છે. આ વેબ સાઈટમાં ઓન-લાઈન ભાવ ભરવાની તારીખ જણાવવામાં આવેલ હોય છે તે તારીખ સુધીમાં ઓન-લાઈન ભાવ (ભાવ કંપનીના માન્ય ભાવ મુજબ વધારે કે ઓછા ટકાવારી) માં ભરી દેવાના હોય છે ત્યારબાદ SOR તથા | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | માલસામાનને કલર કરવામાં આવતો નથી અને હલકા પ્રકારનું મટીરીયલ વપરાય છે. નવી વીજ લાઈનઉભી કરવાની થતી હોય તેના ટેન્ડરો કરવાની પ્રક્રિયા, કોન્ટ્રાક્ટ આપવાની અને તેના ધારધોરણ , શરતો અંગેની વિગતો આપવી અને ઉપરોક્ત બાબતે તાકીદથી કાર્યવાહી કરવા સુચના આપવી. | ટેન્ડરની ટેકનીકલ-બીડ ડોક્યુમેન્ટ કોન્ટ્રાકટરોને ડાઉનલોડ કરવાના હોય છે. SOR તથા ટેન્ડરની ટેકનીકલ-બીડ કોન્ટ્રાકટરોની સહી સિક્કા કરી ટેન્ડર ફી તથા EMD ફી નો ડીમાંડ-ડ્રાફ્ટ બંધ કવરમાં નાખી વિભાગીય કચેરીમાં ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની તારીખ સુધીમાં પોહોચાડવાના હોય છે. ત્યારબાદ, ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની તારીખ સુધીમાં કોન્ટ્રાકટરોના આવેલ કવરને વિભાગીય કચેરીની કમીટી ભેગા મળીને આવેલ કવરોને ખોલવામાં આવે છે અને કવરમાંથી નીકળેલા ટેન્ડર ફી તથા EMD ફી નો ડીમાંડ-ડ્રાફ્ટ કેશ વિભાગમાં ભરાવવામાં આવે છે. ત્યારબાદ આ આવેલા બધા જ ટેન્ડરોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. તમામ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ n-procurement વેબ સાઈટમાં ઓન-લાઈન ભાવ ખોલવામાં આવે છે જેમાં જે કોન્ટ્રાકટરોના ભાવપત્રકની સરખામણી કરી સૌથી ઓછા ભરેલ ભાવપત્રકના કોન્ટ્રાકટરોને કામ કરવા માટે પ્રાથમિક ઓર્ડર સ્વીકૃતિ પત્રક (LOA) આપવામાં આવે છે જે મુજબ કોન્ટ્રાકટરને દિવસ-૭ માં સિક્યુરિટી ડીપોઝીટ ભરવાની હોય છે જેની રકમ ભરાયા બાદ વોર્ક-ઓર્ડરને વિભાગીય કચેરીના ખર્ચ વિભાગ માં ઓડીટ કરાવી કોન્ટ્રાકટરને વોર્ક-ઓર્ડર આપવામાં આવે છે. આ વોર્ક-ઓર્ડરની શરતો આ સાથે જોડેલ છે. | | |
| 28 | 28 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | મારી સમક્ષ સ્થાનિકે રજુઆતો થયેલ છે જે જસદણ ડીવીઝન હેઠળ આવતા આટકોટ, જસદણ અને વિંછીયા સબ ડીવીઝન માં ફોલ્ટ સેન્ટરોમાં ટેલીફોન રીસીવ કરવામાં આવતા નથી, ગ્રામજનો ફરિયાદ લખાવવા અંગે લાંબો સમય ફોનની રીંગ વગાડે તો પણ ફોન ઉપાડવામાં આવતા નથી, ક્યારેક ફોન ઉપાડાય તો ટેલીફોન | જસદણ વિભાગીય કચેરી હેઠળ આવેલ પે.વી. કચેરી જસદણ, આટકોટ અને વિંછીયા ના ફોલ્ટ સેન્ટરમાં દરેક ગ્રાહકોના ટેલીફોન રીસીવ કરવામાં આવે જ છે તથા ફરિયાદ નોંધવામાં આવે છે અને ફરિયાદ નોંધણી રજીસ્ટર માં ફરિયાદની નોંધણી પણ કરવામાં આવે છે જે ફરિયાદ નંબર જો ગ્રાહક દ્વારા માંગવામાં આવે તો આપવામાં આવે છે.તેમ છતાં અત્રેની કચેરી હેઠળની દરેક પે.વી.કચેરીમાં ગ્રાહકોના ફોન રીસીવ કરવા તેમજ ગ્રાહકોને સંતોષકારક જવાબ આપવા અત્રેની કચેરી દ્વારા સુચના આપવામાં આવેલ છે. | | નિકાલ કચેરી સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | એજન્ટનો વાણી વ્યવહાર યોગ્ય હોતો નથી, ફરિયાદ નંબર આપવામાં આવતા નથી, ફરિયાદ નોંધાવવા પોલ નંબરનો આગ્રહ રાખવામાં આવે છે. મેં રૂબરૂ મુલાકાત લેતા જાણવા મળેલ કે ફોલ્ટ સેન્ટરમાં ફોલ્ટ રજીસ્ટર પણ મેઈન્ટેન કરવામાં આવતું નથી. તો વીજ ગ્રાહકોને પડતી મુશ્કેલી અંગે સબ ડીવીઝન માં જવાબદાર અધિકારીઓને તાત્કાલિક સુચના થવા મારી ભલામણ છે. | | | |
| 29 | 29 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | રાજકોટ ગ્રામ્ય વર્તુળ હેઠળ જસદણ ડીવીઝન નીચે આટકોટ સબ ડીવીઝન કાર્યરત છે. આટકોટ સબ ડીવીઝન હેઠળ આટકોટ આજુબાજુના વિસ્તારોનો સમાવેશ થાય છે. આટકોટ સબ ડીવીઝન શરુ થયાનો લાંબો સમય થવા | આપ સાહેબની આ રજુઆતના અનુસંધાને જણાવવાનું કે આટકોટ પેટા વિભાગીય કચેરીને આટકોટ ગામમાં ગામમાં ફેરવવા માટેની જમીન ની ફાળવણી માટે કલેકટર કચેરીને જરૂરી દસ્તાવેજીક પુરાવાઓ અત્રેની કચેરીએથી પુરા પાડવામાં આવે છે તેમજ જમીન મંજૂરી અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ મંજૂરી મળ્યે અત્રેની કચેરી દ્વારા નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવશે. | આપ સાહેબની આ રજુઆતના અનુસંધાને જણાવવાનું કે આટકોટ પેટા વિભાગીય કચેરીને આટકોટ ગામમાં ગામમાં ફેરવવા માટેની જમીન ની ફાળવણી માટે કલેકટર કચેરીને જરૂરી દસ્તાવેજીક પુરાવાઓ અત્રેની કચેરીએથી પુરા પાડવામાં આવે છે તેમજ | નિકાલ કચેરી સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | છતાં આ સબ ડીવીઝન જસદણ શહેર ખાતે કાર્યરત છે જેથી આટકોટ અને આજુબાજુના ગામના લોકોને વીજ કચેરીને લગતા કામ અર્થે જસદણ શહેર ખાતે જવું પડે છે જે ખુબ દુરના અંતરે છે. આટકોટ સબ ડીવીઝન નવું શરુ થયું ત્યારે હંગામી ધોરણે જસદણ શહેર ખાતે બેસે તે યોગ્ય છે પરંતુ કાયમી માટે જસદણ ખાતે કાર્યરત રહે તે આટકોટ ને જસદણ નજીકના વિસ્તારની જનતાને અન્યાય કરતા છે. તો તાત્કાલિક આટકોટ ખાતે સબ દીવીઝન ઓફીસ કાર્યરત થાય તે અંગે જરૂરી પગલા ભરવા મારી ભલામણ છે. | | જમીન મંજૂરી અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ બાબતે જરૂરી કાર્યવાહી માનનીય કલેકટર શ્રી દ્વારા કરવા પાત્ર છે . | |
| 30 | 30 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | બાબુભાઈ બોઘાભાઈ રોજાસરા અને મમ્કુભાઈ બોઘાભાઈ રોજાસરા અને અરવિંદભાઈ | લોક દરબારમાં આવેલ રજુઆતના અનુસંધાને બાબુભાઈ બોઘાભાઈ રોજાસરા અને મમ્કુભાઈ બોઘાભાઈ રોજાસરા અને અરવિંદભાઈ બોઘાભાઈ રોજાસરા કે જેમણે ૧.૫ વીજળી કરણ માટે રૂ.૫૦/- ચલણથી ૯.૩.૨૦૧૩થી ભરેલ હોવાનું જણાવેલ આ નામો ની અરજી વિછીયા પેટા વિભાગીય કચેરીમાં તપાસતા આ નામની ફક્ત બાબુભાઈ બોઘાભાઈ રોજાસરા ની અરજી કચેરીના રેકોર્ડમાં મળેલ જેનું વીજ જોડાણ તા. ૨૨.૦૧.૨૦૧૮ ગ્રાહક નબર ૮૧૮૦૨-૦૪૭૮૬-૭ થી | | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | બોઘાભાઈ રોજાસરા કે જેમણે ૧.૫ વીજળી કરણ માટે રૂ.૫૦/- ચલણથી ૯.૩.૨૦૧૩થી ભરેલ છે. તેમને આજ દિન સુધી ઘર લાઈટ માટેનું મીટર મૂકી વીજ જોડાણ આપવામાં આવેલ નથી. ચલણ સાથેની વિગતો આ સાથે સામેલ છે, કનેક્શન આપવામાં આવેલ નથી. | આપવામાં આવેલ છે પરંતુ મમ્કુભાઈ બોઘાભાઈ રોજાસરા અને અરવિંદભાઈ બોઘાભાઈ રોજાસરાના દસ્તાવેજો ની અરજી ઓફીસ રેકોડમાં જોવા મળેલ નથી. જો તેઓના દસ્તાવેજો તાલુકા વિકાસ અધિકારીની કચેરીમાંથી મળશે તો વીજ જોડાણ આપવાની કાર્યવાહી કારમાં આવશે. | | |
| 31 | 31 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | આ સાથે (૧) મકવાણા મથુરભાઈ કડવાભાઇ મુ. રેવાનીયા તા. વિંછીયા તથા (૨) મકવાણા સુખાભાઈ દુદાભાઈ મુ.રેવાનીયા તા. વિંછીયા કે જેમને ૧.૫ વીજળીકરણ માટે રૂ.૫૦/- ચલણથી તા.૨૧.૪.૨૦૧૬ થી ભરેલ છે. તેમને આજ દિન સુધી ઘર લાઈટ માટેનું મીટર મૂકી વીજ જોડાણ આપવામાં આવેલ નથી. | લોક દરબારમાં આવેલ રજુઆતના અનુસંધાને (૧) મકવાણા મથુરભાઈ કડવાભાઇ મુ. રેવાનીયા તા. વિંછીયા તથા (૨) મકવાણા સુખાભાઈ દુદાભાઈ મુ.રેવાનીયા તા. વિંછીયા કે જેમને ૧.૫ વીજળીકરણ માટે રૂ.૫૦/- ચલણથી તા.૨૧.૪.૨૦૧૬ થી ભરેલા જણાવેલ આ નામોણી અરજી વિછીયા પેટા વિભાગીય કચેરીમાં તપાસતા ની અરજી નો રેકોડ જોવા મળેલ નથી. પરંતુ ઉપરોક્ત નામ ના ઘરોની તપાસણી વિછીયા તાલુકાના રેવાનીયા ગામે તપાસતા તેઓના મકાન તળાવમાં દબાણવાળી જમીનમાં હોવાનું જણાયેલ છે. જેથી કંપનીના હાલના પીજીવીસીએલ ના નિયમ મુજબ ૧.૫ વીજળી કરણ યોજના હેઠળ વિજ જોડાણ આપી સકાય નહિ. | લોક દરબારમાં આવેલ રજુઆતના અનુસંધાને તા. ૧૨.૦૩.૨૦૧૮ન રોજ (૧) મકવાણા મથુરભાઈ કડવાભાઇ મુ. રેવાનીયા તા. વિંછીયા તથા (૨) મકવાણા સુખાભાઈ દુદાભાઈ મુ.રેવાનીયા તા. વિંછીયા ઘરોની તપાસણી વિછીયા તાલુકાના રેવાનીયા ગામે તપાસતા તેઓના મકાન તળાવમાં દબાણવાળી જમીનમાં હોવાનું જણાયેલ છે. જેથી કંપનીના હાલના પીજીવીસીએલ ના નિયમ મુજબ ૧.૫ વીજળી કરણ | નિકાલ નવા કનેકશન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | યોજના હેઠળ વિજ જોડાણ આપી સકાય નહિ. | |
| 32 | 32 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | નાના માત્રા, ગોરૈયા, સમઢીયાળા જે ત્રણ ગામો અગાઉ સાયલા તાલિકામાં હતા બાદમાં પછીંથી વિંછીયા તાલુકો અલગ થતા ઉપરોક્ત ત્રણેય ગામોનો વિંછીયા તાલુકામાં સમાવેશ થયેલ છે. આ ત્રણેય ગામોનો જ્યોતિગ્રામ પાવર વિંછીયા ૧૩૨ કેવી સબ સ્ટેશન ખાતેથી અપાય છે, બિલીંગ તેમજ રિપેરિંગ માટેની કામગીરી સાયલા ખાતે થાય છે જેનું આશરે ૨૦ થી ૨૫ કિમી અંતરે આવેલ છે. ઉપરોક્ત ત્રણેય ગામોને ખેતીવાડી તેમજ પાણી પુરવઠાનો પાવર રતનપર ૬૬ કેવી સબ સ્ટેશન બોટાદ જીલ્લામાંથી અપાય છે અને બિલીંગ તેમજ રીપેરીંગ અંગેની કામગીરી સાયલા | આ રજુઆતના અનુસંધાને જરૂરી દસ્તાવેજીક પુરાવાઓ એકત્ર કરી દરખાસ્ત કરવામાં આવશે. જેની મંજૂરી મળ્યે નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવશે. | આ રજુઆતમાં દર્શાવેલ ગામો નાના માત્રા, ગોરૈયા, સમઢીયાળા કંપની દ્વારા જ્યાં તાંત્રિક રીતે જરૂરીયાત હોય ત્યાં નવા સબ સ્ટેશન આપવામાં આવે છે. આમ કોઈ પણ ગામને વીજ સપ્લાય નજીકના સબ સ્ટેશનમાં થી ટેકનીકલ ફીઝીબીલીટી તેમજ વોલ્ટેજ રેગ્યુલેશન જળવાઈ રહે તે જોઈને આપવામાં આવે છે. | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | પે.વી.કચેરી ખાતેથી થાય છે. જેને કારણે ગ્રાહકોને ભારે મુશ્કેલીનો અનુભવ થાય છે. આથી આ ત્રણેય ગામો વચ્ચે એક નવું ૬૬ કેવી સબ સ્ટેશન ઉભું થાય તો ફીદરની લંબાઈ પણ ઘટે ફોલ્ટ થવાના પ્રશ્નો ઓછા ઉપસ્થિત થાય લાઈન લોસ પણ ઘટે તો આ અંગે પણ કાર્યવાહી થવા મારી ભલામણ છે. | | | |
| 33 | 33 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | જસદણ તાલુકાના બલધોઈ ગામના ખાતેદાર ખેડૂતોની અગાઉ અનેક લો-પાવર અને ટ્રીપીંગ અંગે રજુઆતો થયેલ છે. જેમાં બલધોઈ-વીરનગર ૬૬ કેવી સ્ટેશન માંથી બલધોઈ ગામના ખેડૂતોને ખેતીવાડી તેમજ વાડી વિસ્તારમાં એલ.એસ.ટી. પાવર આપવામાં આવે છે. આ એલ.એસ.ટી. પાવર ખુબજ લો- | કંપનીના પ્રવર્તમાન નિયમોનુસાર ખેતીવાડી વાડી વિસ્તારમાં ૪- કલાકથ્રી ફેઈજ પાવર આપવામાં આવે છે અને બાકીના સમયમાં સિંગલ ફેઈજ સ્પેશિયલ ડીઝાઇન ટી.સી. ( LST) માંથી પાવર આપવામાં આવે છે. જેટકો કંપનીના નિયમોનુસાર સિંગલ ફેઈજ પાવર સપ્લાઈ દરમિયાન મહત્તમ ૨૦ AMP સુધી પાવર સપ્લાઈ અપાય તે મુજબના સેટિંગ કરવામાં આવેલ હોય છે. સિંગલ ફેઈજ પાવર સપ્લાઈ દરમિયાન ૨૦ AMP થી વધુ વીજલોડ થતા સ્પેશિયલ ડીઝાઇન ટી.સી. ( LST) આપોઆપ પેનલ માંથી બંધ થઇ જાય છે. હાલ બળધોઈ ફીડર માં વાડી, રહેણાંક વિસ્તારમાં કુલ ૨૧ સિંગલ ફેઈજ વીજ જોડાણ આપવામાં આવેલ છે જેનો કુલ વીજભાર ૧૨.૦૦ કી.વો.થાય છે. તેમ છતાં માન. ધારાસભ્ય શ્રી,તથા ગ્રામજનો તરફથી મળેલ રજુઆતોના અનુશન્ધાને હાલ સિંગલ ફેઈજ પાવર સપ્લાઈ દરમિયાન ૩૦ AMP નું સેટિંગ કરવામાં આવેલ છે. જે ફીડર પર જોડાયેલ કુલ રહેણાંક વીજ જોડાણના વીજભાર કરતા વધારે જ છે. આમ આ બળધોઈ ફીડરમાં ગ્રાહકોને લોડ પ્રામાણે નો પાવર પુરો પાડવામાં આવે છે | | નિકાલ ફીડર વિભાજન |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | વોલ્ટેજ અને અનિયમિત મળે છે. વારંવાર ટ્રીપીંગ આવે છે. આથી આ સમસ્યાના કાયમી ઉકેલ માટે જરૂર જણાય તો ખેતીવાડીનો ફીડર નવો ઉભો કરવા જરૂરી કાર્યવાહી થવા મારી ભલામણ છે. ચુંટણી પછી હનુમાન ફીડર, સંતોષ ફીડર, બલધોઈ ફીડર અને કેશવ ફીડર ચારેય અને કેશવ ફીડરમાંથી બલધોઈ ફીડર પર સૌથી વધુ લોડ છે. જેના લીધે બલધોઈ ફીડરમાં રહેણાંક કનેકશનોને સિંગલ ફેઇઝ પાવર મળતો નથી, બંધ જ રહે છે. તો તાત્કાલિક કાયમી નિકાલ લાવવો. | | | |
| 34 | 34 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા તાલુકામાં પતિયાળી ગામે મોઢુકા દેવધરી રોડ આગળ પેટા પરુ તેમજ પેટા પરુ તેમજ સીમશાળા આવેલ છે. આ પેટા પરામાં આશરે ૧૫ થી ૧૬ ઘર લાઈટ | લોક દરબારમાં રજુઆતનમાં જણાવ્યા મુજબ વિંછીયા તાલુકામાં પતિયાળી ગામે મોઢુકા દેવધરી રોડ આગળ પેટા પરુ તેમજ સીમશાળા આવેલ છે. આ પેટા પરામાં આશરે ૧૫ થી ૧૬ ઘર લાઈટ મીટર છે સીમશાળા પણ આવેલ છે જે ગામતળ બહાર આવેલ અને નોન ટ્રાયબલ વિસ્તારમાં ૧૫ થી વધારે મકાનો કે વીજગ્રાહકો હોય તો તેને જ્યોતિગ્રામ પાવર આપવાનું જણાવેલ છે પરંતુ આ પેટા પરું તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રમાણિત નથી તેમ છતાં પરિપત્રમાં જણાવ્યા મુજબ જો સદર પેટા પર તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રમાણિત ન હોય તો તેવા કિસ્સામાં કનેકસન આપવા માટે ઉભી કરવામાં આવતી માળખાકીય સુવિધા ને લાગતો તમામ ખર્ચ જૂથ ના તમાંમ | | નિકાલ ગામતળ બહારના વિસ્તારમાં JGY નો પાવર આપવો |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | મીટર છે. સીમશાળા પણ આવેલ છે. તા.૨૮.૨.૨૦૧૮ ના તારાંકિત પ્રશ્નના ઉતર વખતે માનનીય ઉર્જામંત્રીશ્રીએ ગામતળ બહાર આવેલ અને નોન ટ્રાયબલ વિસ્તારમાં ૧૫ થી વધારે મકાનો કે વીજગ્રાહકો હોય તો તેને જ્યોતિગ્રામ પાવર આપવાનો તા.૧.૧.૨૦૧૭ થી પરિપત્ર છે જ અને સરકારી સીમશાળા હોય તો તેને જયોતિગ્રામ પાવર આપવો તેવી વિધાનસભામાં ખાતરી આપેલ છે. આથી ઉપરોક્ત પેટા પરામાં સત્વરે જ્યોતિગ્રામ પાવર આપવો. | અરજદાર સભ્યો પાસેથી માંગેલા વિજભાર ના પ્રમાણ મુજબ વસુલીને જરૂરિયાત મુજબ સિંગલ ફેઇઝ/ થી ફેઇઝ વીજ જોડાણ જે તે સમયના ધારા ધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ આપવામાં આવશે આમ જો ગ્રાહકો દ્વારા પરિપત્રમાં જણાવ્યા મુજબ માળખાકીય સુવિધા ને લાગતો તમામ ખર્ચ ભરપાઈ કરી આપવા સહમત હોય તો આ પેટા પરા માં જેજીવાય ફીડરનો પાવર આપવાની કાર્યવાહી હાથ ધરવામ આવશે. | | |
| 35 | 35 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા ના આવેલ બંધાણી ૬૬ કેવી અને માલગઢ ૬૬ કેવિ નીચેથી ખેતીવાડીના ફીડરોમાં વારંવાર ફોલ્ટ સર્જાય છે. ખેતીવાડીમાં સળંગ ૮ | લોક દરબારમાં આવેલ રજુઆતમાં જણાવ્યા મુજબ વિંછીયા ના આવેલ બંધાણી ૬૬ કેવી અને માલગઢ ૬૬ કેવિ નીચેથી ખેતીવાડીના ફીડરોમાં વારંવાર ફોલ્ટ સર્જાય છે નિયમિત ખેતીવાડી વિજ ગ્રાહકોને પણ સળંગઆઠ કલાક પાવર અપાતો નથી જે અંગે જણાવવાનું કે ૬૬ કેવી બંધાણી અને ૬૬ કેવી માલગઢ સબ સ્ટેસનમાં GETCO દ્વારા માહે ફેબ્રુઅરી ૨૦૧૮ માં ૧૧ કેવી સોનાકુબા, ૧૧ કેવી વાઘેશ્વરી અને ૧૧ કેવી માલગઢ ખેતીવાડી ફીડરોમાં એડવાન્સ ફીચર બ્રોકન કંન્ડકટર રીલે મુકવામાં આવેલ હતા જેના લીધે આ ફીડરોમાં વીજ વાયર તૂટેલ ન હોવા છતાં આ મુકેલ રીલેના ત્રુટિના કારણે આ ફીડર ૬૬ કેવી બંધાણી અને ૬૬ કેવી માલગઢ સબ સ્ટેસનમાંથી નીકળતા | | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલાક ક્યારેય પાવર મળતો આનથી. તે વિસ્તારના ખેડૂતો તેમજ ગ્રામજનો તરફથી સીધા પીજીવીસીએલના નાયબ ઈજનેર ને તેમજ અમને પણ આ અબબ્તે અનેક વખત રજુઆતો થયલે છે પરંતુ લાઈનો રીપેર કરી નિયમિત ખેતીવાડી વિજ ગ્રાહકોને પણ સળંગઆઠ કલાક પાવર અપાતો નથી કારણ શું? | ફીડરોમાં વારંવાર ટ્રીપીંગો આવવાથી સળંગઆઠ કલાક પાવર આપી સકયેલ ના હતો જે GETCO દ્વારા માહે ૦૨-માર્ચ-૨૦૧૮ના રોજ આ રીલેમાં જરૂરી સેટિંગમાં સુધારા કરી આપેલ છે જેથી હાલ પાવર વિના વિક્ષેપે રાબેતા મુજબ આપવામાં આવે છે | | |
| 36 | 36 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા તાલુકાના ગઢાળા ખાતે ગામથી પશ્ચિમે ઘર વિજ જોડાણમાં અતિ લો પાવર મળે છે. ટી.સી. બદલવું કે ફેરફાર કરવા ગ્રામજનો તેમજ અમારા તરફથી રજૂઆત થયેલ હોવા છતાં લો-વોલ્ટેજ દુર કરવાની કામગીરી કરવામાં આવતી આ નથી કારણ શું? | લોક દરબારમાં આવેલ રજુઆતના અનુસંધાને વિછીયા પેટા વિભાગીય કચેરી માંથી વિછીયા તાલુકાનું ગઢાળા ગામે જરૂરી સ્થળ તપાસતા સ્થળ પર ૫ કેવીએનું વીજ ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે આ ટ્રાન્સફોર્મરમાંથી ૭ વીજ જોડાણો આપવામાં આવેલ છે. અને ગ્રાહક શ્રી વિઠલ આંબા મકવાણા ને પણ આજ ટ્રાન્સફોર્મર પરથી ૮૧૮૬૩/૦૦૫૮૨/0 ગ્રાહક નાબર વાળું વાણિજ્ય હેતુ નું વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વીજ જોડાણ પર લાગેલા વીજ મીટરમાં તપાસણી દરમ્યાન ૨૪૪V આવતા માલુમ પડેલ છે. આમ આ વીજ ગ્રાહક દ્વારા પણ લો વૉલ્ટેજ આવવાની ફરિયાદ જણાવેલ નથી જેની બહેધરી લેખિતમાં આપવમ આવેલ છે.. | | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 37 | 37 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા તાલુકાના ઓરી ગામે ગામના પાદરમાં રોડ પર કોઈ અજાણ્યા વાહનથી વિજ પોલ તૂટી ગયેલ છે, અકસ્માત સર્જે તેવી સ્થિતિમાં છે, ગ્રામજનો તરફથી આ તૂટેલ પોલ બદલવા રજૂઆત થયેલ હોવા છતાં વિજ પોલ સત્વરે બદલવામાં આવતો નથી કારણ શું? | લોક દરબારમાં આવેલ રજુઆતમાં જણાવ્યા મુજબ વિંછીયા તાલુકાના ઓરી ગામે ગામના પાદરમાં રોડ પર કોઈ અજાણ્યા વાહનથી વિજ પોલ તૂટી ગયેલ હતો આ વીજ પોલ વિછીયા પેટા વિભાગીય કચેરી તરફથી તા. ૦૮.૧૨.૨૦૧૭ ના રોજ નવો પોલ ઊભો કરી આપવામાં આવેલ હતો. | | નિકાલ મેઇન્ટેનન્સ |
| 38 | 38 | વિંછીયા | માન. ધારાસભ્ય શ્રી કુવરજીભાઈ બાવળિયા | વિંછીયા કાસકોલીયા ગામેગામથી દક્ષિણે ઘર વિજ લાઈનમાં લો-વોલ્ટેજ આવે છે, પીજીવીસીએલ સબ ડિવિજન ખાતે રજૂઆત કરેલ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવમાં આવતી નથી કારણ શું? | લોક દરબારમાં આવેલ રજુઆતમાં જણાવ્યા મુજબ વિંછીયા કાસકોલીયા ગામે ગામથી દક્ષિણે ઘર વિજ લાઈનમાં લો-વોલ્ટેજ આવે છે તેના અનુસંધાને વિછીયા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા સ્થળ તપાસ કરતાં કાસકોલીયા ગામે દક્ષિણે વિસ્તારોના ઘરના વીજ જોડાણો માટે ૬૩ કેવીએનું એક વીજ ટ્રાન્સફોર્મર મુકવામાં આવેલ છે અને હળવા ડબાણની વીજ લાઈન મારફતે વીજ પુરવઠો આપવમ આવેલ છે. અને આ હળવા દબાણના છેલ્લા થાંભલા પરથી ગ્રાહક શ્રી માવજી હરજી ડાભી(૮૧૮૨૩/૦૧૪૮૨/૮) ના વાણિજ્ય હેતુના વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ વીજ જોડાણ પર લાગેલ વીજ મીટરમાં તપાસ કરતા વૉલ્ટેજ ૨૪૩ V આવતા હોવાનું માલુમ પડેલ છે. વીજ ગ્રાહક દ્વારા પણ લો વૉલ્ટેજ આવવાની ફરિયાદ જણાવેલ નથી જેની બાહેધરી લેખિતમાં આપવામાં આવેલ છે. | | નિકાલ અનિયમિત પાવર સપ્લાય સંબધિત |
| 39 | NIL | ત્રંબા | એકપણ રજુઆત આવેલ નથી | | | | |